RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2015

Book-Post

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

M.No. 97260 43911

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૨ ● અંક : ૪ ● ડિસેમ્બર -૨૦૧૫ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

## "વિશ્વ વિકલાંગ દિન"ની ઉજવણી સાર્થક કરવા

# વિકલાંગોને વિકાસયાત્રામાં સહભાગી બનાવીએ...

છેલ્લા બે દાયકાથી વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓના પ્રશ્નોને વૈશ્વિક કક્ષાએ વાચા મળી છે અને તેમણે અન્ય લોકો સાથે સમાન ધોરણે પોતાના અધિકારો અને હકીકતોની માગણી કરવા માટે તેમની જરૂરિયાતો તથા મહત્વાકાંક્ષાઓ રજૂ કરવાનું શરૂ કર્યું છે. દાયકાઓથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તરફ દયાની દષ્ટિથી જોવામાં આવે છે અને શારીરિક ક્ષતિથી શરમ અનુભવવાની કે છુપાવવાની આવશ્યકતા નથી. વિકલાંગ પ્રત્યે ઓરમાયો સામાજિક વ્યવહાર આપણા સમાજનો અભિગમ ખાસ્સો જવાબદાર છે.

વિકલાંગોની દશામાં સુધારો કરી તેમને સામાજિક દરજ્જો મળે તે માટે સરકારે વિકલાંગ ધારા-૧૯૯૫માં સુધારો કરવા વિચારણા કરી છે. વિકલાંગોને તેમના અધિકારો

સમગ્ર દેશની વસ્તીની દષ્ટિએ આ આંકડો ૨.૧૩ ટકા જેટલો થાય છે. દેશમાં ૦.૧૨ ટકા લોકો બહેરા છે અને ૦.૧૬ ટકા લોકો બહેરા-મૂંગા છે. જાગૃતિનો અભાવ જાણકારીના અભાવે સરકારી ચોપડે વિકલાંગોના નામો હોતા નથી. રોજગાર માત્ર વ્યક્તિ નહીં સમાજની વ્યવસ્થામાં સુધારો લાવી શકે. વિકલાંગોને આ મોરચે નુકશાન વેઠવું પડે છે. વિકલાંગતા ધરાવતા લોકો માટે રોજગારી

અને અન્ય અકસ્માતોથી આવતી અપંગતામાં વધારો થયેલ છે. વિકલાંગોના કલ્યાણ માટે સરકારી-બિનસરકારી સંસ્થાઓ કાર્યરત છે, પણ આવી સંસ્થાઓમાં અસરકારક કામગીરી થઈ શકતી નથી.

વિકલાંગોના હક્ક-અધિકારો માટે આંદોલન કરે તેવું નેતૃત્ત્વ જોવા મળતું નથી. કામદારો-મજૂરો-કર્મચારીઓ સહુ કોઈ પોતાના હક્ક-અધિકારો માટે આંદોલન ચલાવે છે. પણ

જોરશોરથી ચર્ચા થાય છે. તેવી જ રીતે વિકલાંગોના હક્ક-અધિકારો માટે થવી જોઈએ. વિકલાંગ સમાજ રાષ્ટ્રના વિકાસ માટે પોતાનો ફાળો આપી શકે તેવી નક્કર યોજના અંગે વિચાર થવો જોઈએ. વિધાનસભા-સંસદમાં વિકલાંગ પ્રતિનિધિ બેસે તો વિકલાંગ સમસ્યાઓ તરફ સરકાર-દેશ-સમાજનું ધ્યાન દોરી શકાય. વિકલાંગો સહાનુભૂતિ- દયાનું પાત્ર છે,

કર્યું છે. દાયકાઓથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તરફ દયાની દૃષ્ટિથી જોવામાં આવે છે અને તેમના હંમેશાં ‘‘દાનને પાત્ર’’ ગણવામાં આવે છે. સમાજમાં વિકલાંગતાને એક કલંકના રૂપમાં જોવામાં આવે છે અને આ કુદરતી કોપ (અભિશાપ) પણ ગણવામાં આવે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ દેશમાં કુલ ૨૬૮૧૦૫૫૭ વિકલાંગ વ્યક્તિઓ છે. જેમાં ગ્રામીણ ૧૮૬૩૧૯૨૧ અને શહેરી વિસ્તારમાં ૮૦૭૮૬૩૬ છે. વિકલાંગ પુરુષોની સંખ્યા ૧૪૯૮૬૨૦૨ અને વિકલાંગ સ્ત્રીઓની સંખ્યા ૧૧૮૨૪૩૫૫ છે. જો કે એક અનુમાન મુજબ વિકલાંગોની સંખ્યા છ કરોડની આસપાસ છે.

વિકલાંગોને સારું શિક્ષણ અને રોજગાર મળી રહે તે માટે નક્કર નીતિની જરૂર છે. જો આ શક્ય બની શકે તો વિકલાંગો રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપી શકે તેમ છે, પરંતુ વિકલાંગો પ્રત્યે સમાજની વિચારણા અભિગમમાં ધરમૂળથી પરિવર્તન આવે તે જરૂરી છે. આ પ્રકારનું સામાજિક પરિવર્તન શક્ય બની શકે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી સ્તરે પરિણાલક્ષી પ્રયત્નો થવા જરૂરી છે. વિકલાંગોએ પોતાની વિકલાંગ ધારા-૧૯૯૫માં સુધારો કરવા વિચારણા કરી છે. વિકલાંગોને તેમના અધિકારો અપાવવા અને સમાજમાં તેમનું સન્માન જળવાય તેવી સ્થિતિનું નિર્માણ કરવાની દિશામાં આ એક મહત્વની અને સારી પહેલ ગણાવી શકાય. વિશ્વબેંક અને સરકારી સ્તરે તૈયાર કરવામાં આવેલા અહેવાલો અનુસાર ભારતમાં વિકલાંગ લોકો માટે રોજગારની તકો ઘણી જ ઓછી છે. સામાન્ય રીતે આ પ્રકારના વિકલાંગતા ધરાવતા લોકોને રોજગાર માટે ભારે મુશ્કેલી ભોગવવી પડે છે.

દેશમાં વિકલાંગોને સમાન અધિકાર, સમાન તક, સમાન સુરક્ષા, સમાન સહકાર આપવાના અધિકારો સંબંધિત કાયદો ૧૫ વર્ષથી અમલમાં છે, પણ આ કાયદાથી વિકલાંગોને ખાસ મદદ મળી નથી. વિકલાંગો માટે શિક્ષણ, રોજગારની નક્કર યોગ્ય વ્યવસ્થાતંત્ર આજ સુધી ગોઠવી શકાયું નથી. સરકારી નોકરીઓમાં વિકલાંગો માટે ત્રણ ટકા જગ્યા અનામત રાખવાના નિયમનું યોગ્ય રીતે પાલન પણ થતું નથી. વસ્તી ગણતરીના આંકડા મુજબ કેરળમાં સૌથી વધુ સાક્ષરતા અને સૌથી વધુ વિકલાંગો છે. કેરળની કુલ વસ્તી ૩૧૮૩૮૬૧ છે. તેમાં ૨.૭૦ ટકા વિકલાંગો છે. શકે. વિકલાંગોને આ મોરચે નુકશાન વેઠવું પડે છે. વિકલાંગતા ધરાવતા લોકો માટે રોજગારી ટકાવારી ૧૯૯૧માં ૪૨.૭ ટકા હતી.તે વર્ષ ૨૦૦૨માં ઘટીને ૩૭.૬ ટકા થઈ ગઈ હતી. આજે આ સ્થિતિમાં ખાસ નોંધપાત્ર ફેરફાર થયો નથી. સામાન્ય અશિક્ષિત લોકોની તુલનામાં વિકલાંગતા ધરાવતા લોકોના રોજગારમાં ભાગીદારી ૧૯૯૦માં ૬૪ ટકા હતી તે ટકાવારી વર્ષ ૨૦૦૦માં ૪૭ ટકા થઈ ગઈ. હજુયે આ ભાગીદારી ઘટી રહી છે. એ દુઃખદ છે. વિકલાંગો માટે નોકરીની તકોમાં ઘટાડો થતો જાય છે તે ચિંતાજનક બાબત છે.

વિકલાંગ લોકો સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ શકતા નથી. વિકલાંગ ધારા હેઠળ કોઈપણ ગરીબી નાબૂદી યોજનામાં ત્રણ ટકા હિસ્સો વિકલાંગ લોકો માટે છે. જેના ઉપર તેમનો હકક છે, અધિકાર છે. પરંતુ આ નિયમનું ચુસ્તપણે પાલન થતું નથી. વિકલાંગ સમાજની સ્થિતિ સુધારવી હોય તો વિકલાંગતાની નોબત આવે નહીં તેવી કાળજી રાખવી જોઈએ. પોલિયો અને અન્ય રોગ થકી આવતી વિકલાંગતા બેશક ઘટી છે, પણ જીવન સંબંધી રોગોથી આવતી વિકલાંગતામાં વધારો થયો છે. માર્ગ અકસ્માતો મજૂરો-કર્મચારીઓ સહુ કોઇ પોતાના હક્ક-અધિકારો માટે આંદોલન ચલાવે છે. પણ વિકલાંગોને તેમના હક્ક-અધિકારો માટે કોણ આંદોલન કરશે..? વિકલાંગતા અભિશાપ છે, એવી માન્યતા છે. જેના કારણે વિકલાંગ લોકો સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી શકતા નથી. વિકલાંગતા કોઈપણ સમાજમાં હોઈ શકે છે. મહિલા અનામત માટે આજે સરકાર-દેશ-સમાજનું ધ્યાન દોરી શકાય. વિકલાંગો સહાનુભૂતિ- દયાનું પાત્ર છે, એવી ભાવનાનો ત્યાગ કરવાની જરૂર છે. વિકલાંગ લોકો આર્થિક શક્તિ બનીને દેશના વિકાસમાં ફાળો આપી શકે તેમ છે, તેવો અનુભવ કરાવવાની જરૂર છે. દિવ્યાંગ કહી દેવાથી દિવ્યાંગોનો ઉદ્ધાર થવાનો નથી, પરંતુ નક્કર કામગીરી થવી જરૂરી છે. ●

## મન કી બાત




# વિકલાંગ બહુ સક્ષમ હોય છે, તેમને ‘‘દિવ્યાંગ’’ કહો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૫ના અંતિમ રવિવારે મન કી બાત કાર્યક્રમમાં કહ્યું હતું કે વિકલાંગ પોતાની જાતમાં ખૂબ સક્ષમ હોય છે. તેમના ઘણા કાર્યો આશ્ચર્યચકિત કરનારા હોય છે. જેમને જોઈને તેમની અંદર દિવ્ય શક્તિ હોવાની અનુભૂતિ થાય છે. તેથી તેમના માટે દિવ્યાંગ શબ્દનો પ્રયોગ વધારે સારો હોઈ શકે છે. મારા મનમાં કાંઈને કાંઈ વિચાર ચાલતા રહે છે. આ વિચાર આવ્યો કે એકાદ અંગ ઠીક રીતે કામ ના કરે તો આપણે તેને વિકલાંગ કહીએ છીએ, પણ ઈશ્વરે તેમને કોઈ વધારાની તાકાત આપેલી હોય છે. તે શક્તિને આપણે આપણી આંખોથી નથી જોઈ શકતા, પણ જ્યારે તેમને કામ કરતા જોઈએ છીએ ત્યારે આપણું ધ્યાન તેમની કાબેલિયત પર જાય છે. મોદીએ આ દરમિયાન અમદાવાદના અંધ શિક્ષક દિલીપ ચૌહાણનો ઉલ્લેખ કર્યો હતો. ●

## વિકલાંગ મિત્ર

વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે. તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.

# ભાગ્યને બદલવું હોય તો મર્યાદાઓને ઓળંગવી પડશે

તેઓ જન્મથી જ નથી જોઈ શકતા. ગરીબ પરિવારમાં જન્મ થયો. માતા-પિતા એવા ગામમાં રહેતા હતા, કે જ્યાં કોઈ વિકલાંગ સમાજમાં હળીમળી જાય, તે વાત ક્યાંય સાંભળવામાં આવતી નહોતી. સમાજને પૂર્વ જન્મના પાપમાં વિશ્વાસ હતો, એટલે તે લોકો દરેક ખરાબ ઘટનાને આ વાત સાથે જોડી લે છે કે, આ કર્મોનું ફળ છે. એટલે લોકો ક્યારેય પરિસ્થિતિઓથી બહાર આવવાનો પ્રયત્ન જ નહોતા કરતાં. જ્યારે તે મોટા થઈ રહ્યા હતા, ત્યારે તેમના પિતા તેમને તેમની સાથે ખેતરે લઈ જવા લાગ્યા, પણ તે તેમની કંઈપણ મદદ નહોતા કરી શકતા. પછી પિતાએ નક્કી કર્યું કે તેમણે ભણવું જોઈએ. તેમને શાળા જવા માટે પોતાના ગામથી ૫ કિલોમીટર દૂર જવું પડતું હતું, પણ શાળામાં તેમને પાછળની બેન્ચ પર બેસાડવામાં આવતા.

પિતાને અહેસાસ થઈ ગયો હતો કે તેમનો દીકરો કંઈ શીખી નથી શકતો. તો તેમણે થોડીક બચત કરીને સ્પેશિયલ શાળા માટે હૈદરાબાદ મોકલી દીધા. ત્યાં મળેલી કરુણા, પ્રેમ અને દેખરેખના કારણે તે બદલાઈ ગયા. તે ચેસ અને ક્રિકેટ રમવા લાગ્યા. તેમાં નિપુર્ણ થતા ગયા. તેઓ પોતાની ક્લાસમાં ફર્સ્ટ આવ્યા.

તેમને રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામની સાથે લીડ ઈન્ડિયા પ્રોજેકટમાં કામ કરવાની તક મળી, ૧૧માં ધોરણમાં તેમને સાયન્સમાં એડમિશન નહોતું મળ્યું. તેમણે આંધ્રપ્રદેશ રાજ્ય બોર્ડની ૧૦મા ધોરણની પરીક્ષામાં ૯૦થી પણ વધારે ટકા મેળવ્યા હતા, પરંતુ બોર્ડે કહ્યું કે તે ફક્ત આર્ટસ વિષય લઈ શકે છે. આ વાત પર તેમણે સરકાર પર કેસ ચલાવ્યો અને તે જીતી ગયા. અંતે સરકાર તરફથી આદેશ મળ્યો કે તેમને સાયન્સને વિષય તરીકે લેવા દેવામાં આવે, પરંતુ પોતાના

## વિકલાંગો કો હર અધિકાર દિલાના હૈ

થોડાક સમય પહેલા, ફિલ્મોના જાણીતા મ્યુઝિક ડાયરેક્ટર શ્રી રવિન્દ્ર જૈનનું અવસાન થયું. એમણે પોતે વર્ષો પહેલા ગાયેલું, સંગીત આપેલું (અને કદાચ લખેલું), વિકલાંગો માટેનું ગીત, આજે પણ પ્રસ્તુત છે (તેઓ પોતે પ્રજ્ઞાચક્ષુ હતા, એટલે એમને વિકલાંગોની વ્યથાનો જાત અનુભવ હતો, તેથી આ ગીત દિલસ્પર્શી છે):

### સાથિયો, દોસ્તો, આજ યે સંકલ્પ લો

કદમ સે કદમ મિલાના હૈ, એક જૂટ હો કે જૂટ જાના હૈ,
વિકલાંગો કો મંદબુદ્ધિયોં કો હર અધિકાર દિલાના હૈ.
કરૂણાહીન સમાજ ન હો, નિષ્ઠુરતા કા રાજ ન હો,
અત્યાચાર અશક્તો પર, કલ જો હુવા વો આજ ન હો.
અબ તો નયા જમાના હૈ, સબકા યહી તરાના હૈ,
ભોલે હૈ, નિરમલ હૈ યે, ભાવુક હૈ, અનુપ હૈ.
ઈન્હે શાપિત ન તુમ કહો, યે ભગવત સ્વરૂપ હૈ,
જો મસ્તિક સે દુર્બલ હૈ, ઉનકો સબલ બનાયેગે.
બુઝે હુએ ઈન દીપોમેં, કર્મ કી જ્યોતિ જગાયેગે,
ઈનપે તરસ નહિ ખાના હૈ, ઈનકો સમર્થ બનાના હૈ.
કાર્ય અપૂર્ણ ન છોડેંગે, દેકર વચન ન તોડેંગે,
જો હૈ સબસે કટે હુએ, ઉનકો સબસે જોડેંગે.
હર એક ફૂલ ખિલાના હૈ, હર આંગન મહેંકાના હૈ,
અપના યહી નિવેદન હૈ, વહ સરકાર હમારી હો.
NGO કે સંગ જીસકી પૂરી ભાગીદારી હો,
હમકો ભી ધર્મ નિભાના હૈ, ઉનકો ભી હાથ બટાના હૈ.
કોઈ ઐસા ગુણ નહી જો, ઈન બચ્ચો કે પાસ ન હો,
ઈનકી પ્રતિભા, ક્ષમતા કા, બિન દેખે વિશ્વાસ ન હો.
ઈનકો હુનર ચમકાના હૈ, અપના કહે અપનાના હૈ,
આ ગયા, આ ગયા, નવ પ્રભાત આ ગયા.
એક નયા અધ્યાય જૂડા સ્વર્ણીમ ઉન અધ્યાયોં મેં,
હરિકૃપા સે હરિપ્રસાદ બટને લગા અસહાયોં મેં.

## બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, પાટણ દ્વારા દિવ્યાંગોને સાધન વિતરણ

પાટણમાં બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા જહોન એનર્જી લી. અમદાવાદના સહયોગથી યોજાયેલા દિવ્યાંગ સશક્તિકરણ કાર્યક્રમમાં રૂા. ૨૧ લાખના અનુદાનથી તૈયાર કરાયેલી ૪૨ ટ્રાયસિલક અને ૩ થ્રી વ્હીલર સ્કૂટર દિવ્યાંગ લાભાર્થીઓને અર્પણ કરવામાં આવ્યા હતા. જ્યારે ૭૨ વિધવા બહેનોને બે-બે સાડીઓનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ગોતરકા આશ્રમના સંત નિજાનંદ બાપુએ સમાજ માનવ મૂલ્યોથી અધિક કોઈપણ વસ્તુનું મૂલ્ય નથી. તેમ જણાવ્યું હતું. બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટનો આ સેવાયજ્ઞ સાચા અર્થમાં સમાજ માટે પ્રેરણારૂપ છે. ●

મંથન,હાજીપુર ખાતે

## સત્યવતી જય ગોપાલ અગ્રવાલ વિશિષ્ટ બાળકોની શાળાનું ભુમિપૂજન સમારોહ યોજાયો

મંથન અપંગ કન્યા સેવા સંકુલના રજતજયંતિ વર્ષ નિમિત્તે ''સત્યવતી જય ગોપાલ અગ્રવાલ વિશિષ્ટ બાળકોની શાળા''નું ભુમિપૂજન શ્રીમતી શશીબેન ચીમનભાઈ અગ્રવાલ, ચીમનભાઈ અગ્રવાલ તથા પ.પૂ. રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી)ના વરદહસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ભાગ્યેશ જહાં, નવનીતભાઈ પટેલ (કાલુપુર બેંક), જાણીતા સાહિત્યકાર ડૉ. શરદ ઠાકર વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દિવ્યાંગ ક્ષેત્રે

ધોરણની પરીક્ષામા ૯૦થી પણ વધારે ટકા મેળવ્યા હતા, પરંતુ બોર્ડે કહ્યું કે તે ફક્ત આર્ટસ વિષય લઈ શકે છે. આ વાત પર તેમણે સરકાર પર કેસ ચલાવ્યો અને તે જીતી ગયા. અંતે સરકાર તરફથી આદેશ મળ્યો કે તેમને સાયન્સને વિષય તરીકે લેવા દેવામાં આવે, પરંતુ પોતાના જોખમ પર.

તેમણે બધી જ પુસ્તકો ઓડિયો વર્જનમાં મેળવી અને રાત-દિવસ મહેનત કર્યા બાદ ધોરણ-૧૨માં ૯૮ ટકા મેળવ્યા, ત્યારબાદ પહેલાની જેમ ફરી એકવાર રિજેક્સનનો સામનો કરવો પડ્યો. આ વખતે આઈઆઈટી અને બિટ્સ પિલાનીથી હતી, પણ તેઓ હિંમત ન હાર્યા. અમેરિકામાં પ્રવેશ માટે અરજી કરી અને તેમને ચાર મોટી સંસ્થાઓ એમઆઈટી, સ્ટેનફોર્ડ, બર્કલે અને કોર્નેગી મેલાનમાં પ્રવેશ મળી ગયો. તેઓ સ્કોલરશીપ પર એમઆઈટી ગયા, સ્કુલના ઈતિહાસમાં તે પહેલા ઈન્ટરનેશનલ બ્લાઈન્ડ સ્ટુડન્ટ હતા. તે કામ કરીને ભારત પાછા ફર્યા.

મળો શ્રીકાન્ત બોલાને. તે હૈદરાબાદના બોર્લેટ ઈન્ડસ્ટ્રીઝના સીઈઓ. આ સંસ્થા અભણ- અપંગ કર્મચારીઓને ઈકો-ફ્રેન્ડલી ડિસ્પોઝેબલ કન્ઝયુમર પેકેજિંગ પ્રોડક્ટ બનાવવાના કામમાં રોજગારી આપે છે. આ કંપની ૫૦ કરોડ રૂપિયાની છે.

આજે શ્રીકાન્તના ત્ચાર પ્રોડક્ટ પ્લાન્ટ છે. એક હુબલી(કર્નાટક)માં, એક નિજામાબાદ(તેલંગણા)માં અને બે હૈદરાબાદ (તેલંગણા)માં. આ પાંચમો પ્લાન્ટ શ્રી સિર્ટીમાં શરૂ થશે. જે આંધ્રપ્રદેશની સ્પેશિયલ ઈમિગ્રેટેડ બિઝનેસ સિટી છે. આખી જિંદગી ચાલી તે રીતે મજબૂત પાયો રચ્યો છે.

ફંડા એ છે કે, જો તમે ધનવાન બનવા માંગો છો અને પોતાના ભાગ્યને બદલવા માંગો છો તો સમાજ દ્વારા નક્કી કરવામાં આવેલી મર્યાદાઓને નીડરતાથી તોડી નાંખો...

લે. એન. રઘુરામન, દિવ્ય ભાસ્કર

## પૂર્ણ વિરામ...

જો તમે ઊડી ન શકતા હો તો દોડો, દોડી શકતા ન હો તો ચાલો, ચાલી શકતા ન હો તો ભાંખોડીયા ભરો, પણ તમે જ્યાં છો ત્યાંથી આગળ વધો. આગળ ને આગળ વધતા રહો...!

- માર્ટીન લ્યુથર કિંગ

આ ગયા, આ ગયા, નવ પ્રભાત આ ગયા.
એક નયા અધ્યાય જૂડા સ્વર્ણીમ ઉન અધ્યાયોં મેં,
હરિકૃપા સે હરિપ્રસાદ બટને લગા અસહાયોં મેં.
જહાં મે બેબસો કા ઈન્કીલાબ આયા,
નઈ સુબહ લિયે એક જગમગતા આફતાબ આયા.
ઈનકે દુઃખ કબ જાયેગેં, જબ ઔર મસિહા પૈદા હો,
દર્દ કા રિશ્તા નિભાના હૈ, દર્દ કો જડ સે મિટાના હૈ.

પ્રેષક :- શ્રી સુરેશભાઈ સોની, સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર-૩૮૩૨૭૬, મો.નં. : ૯૮૨૫૦૧૧૧૮૫

આવ્યુ. આ પ્રસંગ ભાગ્યેશ જહા, નવનીતભાઈ પટેલ (કાલુપુર બેંક), જાણીતા સાહિત્યકાર ડૉ. શરદ ઠાકર વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દિવ્યાંગ ક્ષેત્રે વિશિષ્ટ સેવા કરનાર ભરતભાઈ રાજગોર, કમલેશ પટેલ, રણજીત ગોહિલ, કુમુદબેન શાહ, રશ્મિનભાઈ શાહ અને જોરાવરસિંહ જાદવને પ.પૂ. ભાઈશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. ●


વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...

fssai Lic. No.10015021001738

A QUALITY PRODUCTS VALAJI ™ MASALA



મરચું | હળદર | ધાણાજીરૂ | ગરમ મસાલો | ચા મસાલો

All items are available Pack in Rs. 5/-, Rs. 10/-, Rs.15/-, 100gm, 200gm, 500gm, 1kg and 5kg.

Mfg by : Pride Exim Pvt. Ltd.
153/154 G.I.D.C., Ranasan, Ta: Vijapur, Dist Mehsana, Gujarat
Email:prideeximpvtltd@gmail.com, valajimasala@gmail.com
Web: www.prideexim.com, Mo: 9904432412

વિકલાંગ મિત્ર 3 ડિસેમ્બર -૨૦૧૫

## ભારત સરકારનો રાષ્ટ્રીય વિકલાંગ એવોર્ડ-૨૦૧૫માં ''રોલ મોડલ'' પુરસ્કાર મેળવનાર

# જયશ્રીબેન શાહનો પરિચય




જયશ્રીબેન ભરતકુમાર શાહ બંને પગે અપંગ હોવા છતાં મજબૂત મનોબળ સાથે અનેક સંઘર્ષોનો સામનો કરી ઉચ્ચ શિક્ષણ હાંસલ કર્યું છે. તેઓ **M.COM** ઉપરાંત **CIC, DCA, DCS, ADCA, PGDCA, M.C.A.** વગેરે શૈક્ષણિક ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરી છે. આમ તેઓએ બે વખત અનુસ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

તેઓને હાલમાં જ ભારત સરકાર દ્વારા નેશનલ એવોર્ડ ફોર ધ એમપાવરમેન્ટ ઑફ પર્સન વિથ ડિસેબિલિટી-૨૦૧૫માં ''રોલ મોડલ'' માટે પસંદ કરવામાં આવ્યા છે. ભારત સરકાર તરફથી ૩ ડિસેમ્બર-૨૦૧૫ એટલે કે વિશ્વ વિકલાંગ દિનના રોજ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં યોજાયેલા સમારંભમાં માનનીય નાણાંમંત્રી શ્રી અરૂણ જેટલીના વરદ હસ્તે તેઓને આ સન્માનીય એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવેલ છે. આ એવોર્ડ મેળવનાર તે વડોદરાના પ્રથમ વ્યક્તિ છે. તે આપણા માટે ગૌરવની બાબત છે.

ગુજરાત રિફાઈનરીમાંથી તેઓએ કવિતા, નિબંધ, સ્લોગન, ફોટોગ્રાફી પ્રદર્શન, કેસ સ્ટડી પ્રેઝન્ટેશન વગેરે માટે ઘણાં ઈનામો મેળવેલ છે. તેઓના આર્ટીકલ્સ અને સિધ્ધિઓને રિફાઈનરી અને ઈંડિયન ઓઈલ કંપનીના મેગેઝિનોમાં તથા સ્થાનિક વર્તમાનપત્રોમાં ઘણી વખત પ્રકાશિત કરવામાં આવ્યા છે. તેઓ વિકલાંગોને લગતા દરેક કાર્યક્રમોમાં ભાગ લીધેલ છે. તેમણે ઘણા તાલીમ પ્રોગ્રામ, વર્કશોપમાં હાજરી આપેલ છે. આ ઉપરાંત તેઓ પ્રવચનો પણ આપેલ છે. તેઓ ભરતગુંથણ, મોતીકામ , સિલાઈકામ જેવી અનેક સર્જનકળાના પણ જાણકાર છે.

તેઓ ભાસ્કર વુમન ઑફ ધ યર ૨૦૧૦ના રનપઅપ હતા. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના શ્રેષ્ઠ વિકલાંગ કર્મચારી તરીકેના એવોર્ડ બે વાર વર્ષ ૨૦૦૬ અને ૨૦૧૨માં પ્રાપ્ત કરેલ છે. વડોદરા મેરેથોનમાં વ્હીલચેર કેટેગરીમાં ૨૦૧૨માં પ્રથમ ક્રમે રહ્યા હતા. નેશનલ કક્ષાએ સ્લોગન અને

પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

છેલ્લાં બાર વર્ષથી વિકલાંગો માટે અને વિકલાંગ વ્યક્તિ સંચાલિત સમાચાર પત્ર ''વિકલાંગ મિત્ર'' દર મહિને પ્રસિદ્ધ થાય છે. આ સમાચારપત્ર દ્વારા વિકલાંગોને ઉપયોગી તમામ માહિતી તેમના ઘેરબેઠાં પહોંચાડવામાં આવે છે. જેનો લાભ મેળવી વિકલાંગો પોતાનો વિકાસ કરવા કટિબધ્ધ બને છે. જે ''વિકલાંગ મિત્ર'' માટે ગૌરવની બાબત છે. ઉદાર દિલના શુભેચ્છક દાતાઓના સહયોગથી ચાલતું આ પ્રકાશન વિકલાંગજનોની સેવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને ''વિકલાંગ મિત્ર''ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયાના **"વિકલાંગ મિત્ર"**ના ખાતા નંબર ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯માં જમા કરાવી મોબાઈલ નંબર ૯૭૨૬૦૪૩૯૧૧ અથવા ઈ-મેલ **viklangmitra@yahoo.com** પર સંદેશો (આપનું નામ-સરનામું સાથે) મોકલવા વિનંતી છે.

તંત્રીશ્રી, **વિકલાંગ મિત્ર**
**મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.૩૮૨૮૬૦**
**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૪૨૭૯૫૮૭૧૧**
**viklangmitra@yahoo.com**

## ત્રીજો સર્વધર્મ વિકલાંગ સમૂહ લગ્ન સમારંભ યોજાશે.

વિકલાંગ સહાયક કેન્દ્ર વટવા, અમદાવાદ વિકલાંગોના જીવનને સુખરૂપ બનાવવા તથા તેમના જીવનની અનેકવિધ સમસ્યાઓના નિરાકરણ માટે ઉત્તમ સેવા પ્રવૃત્તિ કરતી સેવા ભાવી સંસ્થા છે. વિકલાંગોના જીવનને સુખરૂપ અને આનંદમય બનાવવા

તેઓ ભાસ્કર વુમન ઑફ ધ યર ૨૦1૦ના રનપઅપ હતા. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના શ્રેષ્ઠ વિકલાંગ કર્મચારી તરીકેના એવોર્ડ બે વાર વર્ષ ૨૦૦૬ અને ૨૦૧૨માં પ્રાપ્ત કરેલ છે. વડોદરા મેરેથોનમાં વ્હીલચેર કેટેગરીમાં ૨૦૧૨માં પ્રથમ ક્રમે રહ્યા હતા. નેશનલ કક્ષાએ સ્લોગન અને નિબંધમાં ૪ એવોર્ડ -૨૦૧૪,૨૦૧૫માં પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત તેઓએ વિકલાંગોના રમતગમત ક્ષેત્રે પણ ઘણા ઈનામો મેળવેલ છે. જેમ કે રાષ્ટ્રીય કક્ષાએ એથ્લેટિક્સમાં ૬ ઈનામો- વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૨માં અને રાષ્ટ્રીય કક્ષાએ શુટિંગમાં ૨ ઈનામો વર્ષ-૨૦૧૪,૨૦૧૫માં અને રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં ૨ ઈનામો મેળવેલ છે. આમ તેઓએ અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ અત્યાર સુધીમાં આશરે કુલ ૧૧૦ ઈનામો અને એવોર્ડ મેળવ્યા છે.

જયશ્રીબેન ભરતકુમાર શાહ જેઓ વિકલાંગો માટે ૧૯૭૨થી કાર્યરત સંસ્થા સોસાયટી ફોર ધી ફિઝીકલી હેન્ડીકેપ્ડ, વડોદરાના આજીવન સભ્ય છે. જેઓ ગુજરાત રિફાઈનરી, વડોદરામાં કોર્પોરેટ કોમ્યુનિકેશન વિભાગમાં હાલ ફરજ બજાવે છે. ‘‘વિકલાંગ મિત્ર‘‘ પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

સંપર્ક :- જયશ્રીબેન ભરતભાઈ શાહ, સી-૨૯, શક્તિ બંગલોઝ, પેટ્રોફિલ્સ બસ સ્ટેશન પાસે, રિફાઈનરી રોડ, પો. પીટીશીપ, વડોદરા-૩૯૧૩૪૫ અહેવાલ :- નરેન્દ્રભાઈ પટેલ, મો.૯૮૯૮૦૨૬૩૩૫

જીવનને સુખરૂપ બનાવવા તથા તેમના જીવનની અનેકવિધ સમસ્યાઓના નિરાકરણ માટે ઉત્તમ સેવા પ્રવૃત્તિ કરતી સેવા ભાવી સંસ્થા છે. વિકલાંગોના જીવનને સુખરૂપ અને આનંદમય બનાવવા આ સંસ્થાએ વિકલાંગોના સમૂહ લગ્નનો અનોખો અને આવકારદાયક એવો સફળ પ્રયોગ કર્યો છે. આ સંસ્થા દ્વારા યોજવામાં આવેલ બે સમૂહલગ્નોને અદ્ભૂત અને ઉત્સાહજનક પ્રતિસાદ પ્રાપ્ત થયો છે તેને ધ્યાનમાં લઈ આ સંસ્થા દ્વારા ત્રીજા સર્વધર્મ વિકલાંગ સમૂહલગ્ન સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્ન સમારંભમાં ભાગ લેવા માંગતા સૌ કોઈને સંપૂર્ણ વિગત સાથે નીચેના સરનામે સંપર્ક કરવા બાબુભાઈ સાબુવાલાએ એક યાદીમાં જણાવ્યું છે.શ્રી બાબુભાઈ સાબુવાલા, પ્રમુખશ્રી, વિકલાંગ સહાયક કેન્દ્ર,
ઠે. ૨, અસ્મી હાઈસ્કુલ પાછળ, રાજા બેકરી સામે, વટવા, અમદાવાદ
ફો.નં. (૦૭૯) ૨૫૮૯૬૪૫૧, મો.નં. ૯૩૭૫૭૦૬૪૫૧ ●



વિકલાંગ મિત્ર 4 ડિસેમ્બર -૨૦૧૫

# વિકલાંગતાને પડકારતું અનોખું સર્જન

લે : મલ્લીકા સારાભાઈ, અમદાવાદ

"આપણે સૌ અયોગ્ય, અસ્થિર મનવાળા, કદી નહીં કર્યું હોય એવા, કોઈપણ જાતના બોજા વગરના છીએ. આપણને જીવનનાં રણમાં નિઃસહાય છોડી દેવાયાં છે, સખત અને નરમ હિતો વચ્ચે સતત સંઘર્ષ થઈ રહ્યો છે, આપણી શરીરરચના જટીલ છે અને સનસનાટીપૂર્ણ શક્યતાઓના યુગમાં જીવીએ છીએ." ઓસ્ટ્રેલિયાની સ્ક્રીન ડાન્સ અને પરફોર્મન્સ આર્ટિસ્ટ ડાયેના રીડના નવા સંયુક્ત સર્જન "અનબીકમિંગ"ની શરૂઆત કંઈક આ રીતે થાય છે. આપણાં રોજિંદા જીવનની એવી ઘણી ઓછી બાબતો છે જેના પર લોકો વધુ મહત્ત્વ આપતા હોય છે. મારા માટે, તેમાંની એક છે વિકલાંગ વ્યક્તિનો સામનો કરવો અને તેની સાથે વાતચીત કરવી. તેઓ પણ આપણા જેવા જ સામાન્ય હોય છે. જેમ કે તેમને પણ એક નાક અને બે આંખ હોય છે. વિકલાંગ હોવા છતાં પણ એક સામાન્ય વ્યક્તિ જેવી

મોટાભાગનો સમય વ્હીલચેરમાં રહે છે. પરંતુ હકીકતમાં તે વ્હીલચેર તો શું પણ કોઈપણ બંધનથી બંધાયેલી નથી. તેમનું પરફોર્મસ જેમ-જેમ આગળ વધે છે તેમ વાસ્તવિકતા અને કલ્પના જે રજૂ કરાયું છે અને તમે જે સમજ્યા છો તેના વચ્ચેનું અંતર ભૂલી જાઓ છો. પડછાયા તસ્વીર બની જાય છે. દિવાલો જમીન બની જાય છે. બે વ્હીલચેરનાં પૈડાં પંખા બની જાય છે. બંને શરીર એકબીજા સાથે વીંટળાઈ જાય છે, વાંકા વળે છે, અસ્થિરપણે ઊભા રહે છે, નીચે પડે છે અને પછી છૂટા પડીને માંડમાંડ ઉપર ચડવાનો પ્રયાસ કરે છે. હાથથી સંચાલિત પ્રોજેક્ટર્સ દિવાલ પર અલૌલિક ચહેરા અને વિશ્વાસ ન બેસે એવા શરીરના અંગોની આકૃતિઓ રજૂ કરે છે. ચહેરો ખુરશી બની જાય છે. ખુરશી શરીર બની જાય છે. વસ્તુઓ અને તેમની વચ્ચેના સંબંધો બદલાતાં રહે છે. તેને મીલીન્ડાની ખુરશીની આગળ ગોઠવવામાં

મેલબોર્નની ડીકેન યુનિવર્સિટીમાં હવે ત્રીજું વર્ષ પૂરું કરી રહ્યા છે. તાજેતરમાં જ તેમના સર્જનનું પ્રિમિયર પણ અનેક ડાન્સ કંપનીઓ છે, જે વિકલાંગ વ્યક્તિઓ સાથે કાર્યક્રમ રજૂ કરે છે અને તેમાંથી કેટલાય લોકો અસામાન્ય કામ પણ કરે છે. રીડ અને મીલિન્ડાના કામમાં અંતર એ છે કે તેઓ અક્ષમતાને સક્ષમતામાં ફેરવવા માંગે છે. રીડ નવા નૃત્ય અને મુવમેન્ટસની શોધ કરે છે અને મીલિન્ડા એક વિશ્વ જે માને છે કે સેલેબ્રલ પાલ્સીનો ભોગ બનેલો વ્યક્તિ શું કરી શકે છે એ માન્યતાને તોડવા માગે છે. અહીં કોઈ ઉપકારનો ભાવ દેખાડવાનો પ્રયાસ નથી, સામાન્ય કે અસામાન્ય વ્યક્તિ શું કરી શકે છે એવું દેખાડવાનો પણ કોઈ હેતુ નથી. આ એક અલગ જ દુનિયા છે. તેમાં ઉતરવા માટે દર્શકે એક "સામાન્ય" વ્યક્તિ અંગેની જે માન્યતા છે તેને ભૂલી જવી પડશે. તેમના અંદર સંપૂર્ણ પણે

## "વિકલાંગ મિત્ર"ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર
(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેંદ્રાણા, તા. સિધ્ધપુર
(૩) શ્રી કનુભાઈ શેલાર, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ
(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત
(૬) શ્રી પ્રવિણભાઈ પંડ્યા, મંત્રીશ્રી, સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ
(૭) શ્રી કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ
(૮) શ્રી સુરેશભાઈ પટેલ, શિક્ષકશ્રી, પાટણ
(૯) શ્રી બળવંતભાઈ દેસાઈ, યંગમેન્સ ગાંધીયન એસોશિયેશન-રાજકોટ
(૧૦)શ્રી જ્યોત્સનાબેન સુથાર, ફા.ઈન્ટરનેશનલ, અપંગ એકતા સમિતિ અમદાવાદ
(૧૧) શ્રી નવનીતભાઈ કે. પટેલ, ગાંધીનગર
(૧૨) શ્રી નરેશકુમાર દવે, પ્રમુખશ્રી, શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ-પાટણ
(૧૩) શ્રી રસીકભાઈ પટેલ, ભાદરણ, જિ.આણંદ હાલ- યુ. કે.
(૧૪) શ્રી નાનજીભાઈ કે. ડબાસીયા, માધાપર (કચ્છ)
(૧૫) શ્રી બકુલાબેન ઘાસવાલા, સાહિત્યકાર, વલસાડ
(૧૬) શ્રીમદ્ રાજચંદ્ર વિકલાંગ સેન્ટર, મોહનગઢ, જિ. વલસાડ
(૧૭) શ્રી તનમનબેન ગાંધી, સામાજિક કાર્યકર, મુંબઈ
(૧૮) શ્રી કિશોરભાઈ ભાનુશાળી, પ્રોફેસર, અમદાવાદ
(૧૯) શ્રી ભાસ્કરભાઈ મહેતા, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, ઈડર
(૨૦) શ્રી દિપકકુમાર રાવલ, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી
(૨૧) શ્રી ફાધર વિલિયમ, "રિશ્તા", વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ
(૨૨) શ્રી મધુબેન પી. પટેલ, શિક્ષિકા, બાલમંદિર, કડવાસણ, જિ.મહેસાણા
(૨૩) શ્રી કે. એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર,અમદાવાદ
(૨૪) શ્રી અશોકભાઈ પટેલ, પ્રમુખ, અપંગ એકતા સમિતિ, અમદાવાદ
(૨૫) શ્રી નવીનચંદ્રભાઈ મણીયાર, મુંબઈ
(૨૬) શ્રી હેમેન્દ્રભાઈ જણસારી, લોક સેવા સાર્વ. ટ્રસ્ટ, ભૂજ (કચ્છ)
(૨૭) શ્રી ચંદ્રકાન્તભાઈ એચ. શાહ, રાજકોટ

## રેલ્વે કન્સેશન માટેના યુનિક આઈડી કાર્ડ મેળવવા માટેના અરજી ફોર્મ ભરવા અંગે

જેમ કે તેમને પણ એક નાક અને બે આંખ હોય છે. વિકલાંગ હોવા છતાં પણ એક સામાન્ય વ્યક્તિ જેવી વર્તુણક કરવા માટે તેમને હિંમત ઉપરાંત પણ મનના અંદર જુસ્સો અને કરૂણા, દયા નહીં પરંતુ સહાનુભૂતિની જરૂર હોય છે.

સેરેબ્રલ પાલ્સી (મગજનો પક્ષઘાત)નો ભોગ બનેલા લોકો આપણે જે રીતે અવાજ સાંભળીને પ્રતિક્રિયા આપીએ છીએ એવું તેમના માટે શક્ય નથી હોતું. તેઓ એટલા બુદ્ધિશાળી હોતા નથી કે તમે જે રીતે દુનિયાને સમજી શકો છો એ રીતે સમજી શકતા નથી. તમારે તેમની સાથે એક નાના બાળક સાથે વાત કરો એ રીતે વાત કરવાની હોય છે, કેમ કે તેઓ જવલ્લેજ બોલી શકતા હોય છે કે સમજી શકતા હોય છે. વિકલાંગ વ્યક્તિની નજરે દુનિયા જોવી એક અઘરું કામ છે. વિકલાંગ સાથે એવો વ્યવહાર કરવો કે તે એકદમ સામાન્ય છે, કોઈપણ વ્યક્તિ માટે શક્ય હોતું નથી. આ કારણે જ રીડનું નવું પરફોર્મન્સ અત્યંત વિશેષ છે.

રીડ મિલિન્ડા સ્મીથ સાથે ડાન્સ કરે છે. તમને એ જાણીને આશ્ચર્ય થશે કે મિલિન્ડા સેરેબ્રલ પાલ્સીનો ભોગ બનેલી છે. અને વસ્તુઓ અને તેમની વચ્ચેના સબંધો બદલાતાં રહે છે. તેને મીલીન્ડાની ખુરશીની આગળ ગોઠવવામાં આવ્યું છે અને તેમાંથી તે એક સુપરમાર્કેટમાંથી પસાર થઈ રહી છે. વ્હીલચેરનાં પગથિયા પર રહેલા પગના પંજા ઊભા થઈને દોડવા માગી રહ્યા છે. આ પગ એક વિકલાંગ વ્યક્તિને મદદ કરવા માગી રહ્યા છે. એક સમયે મીલિન્ડા દિવાલની નજીક પહોંચી જાય છે અને તેની ખુરશી તેની પાછળ પડેલી છે, અને રીડ પડદાની પાછળ રહીને વિશાળ દિવાલ પર તેના આઈપેડની મદદથી પ્રસ્તુતિની સમીપતા એક વ્યક્તિને સામાન્યપણું અને વાસ્તવિકતા જેવા શબ્દો ઉપર વિચારતા કરી મૂકે છે. તેમાં પણ મીલિન્ડાનું અચાનક રજૂ થતું મૌન અટ્ટાહાસ્ય. શું એ બધું જ ચમત્કાર છે...? અસંગત છે...? કે કોઈ સંભાવના દર્શાવે છે...?

મીલિન્ડા અને રીડસ બે વર્ષ અગાઉ અમારા માટે પરફોર્મન્સ કરવા અમદાવાદમાં આવ્યા હતા, કોઈપણ જાતની તૈયારી વગર. અમારા વચ્ચેના સંબંધ ત્યાર બાદ પ્રસ્થાપિત થયો, પરંતુ ત્યારબાદ તો અમે ઘણાં આગળ વધી ચૂક્યા છીએ. તેઓ "સામાન્ય" વ્યક્તિ અંગેની જે માન્યતા છે તેને ભૂલી જવી પડશે. તેમના અંદર સંપૂર્ણ પણે સમાઈ જવું પડશે. યુટ્યુબ પર નિષ્ણાતો છે જ. જોયા બાદ જ વિશ્વાસ કરી શકશો. (દિવ્યભાસ્કર) ●

## રક્તપિત્ત નિર્મૂલન દિનની ઉજવણી થશે

સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર ખાતે તા. ૩૦-૧-૨૦૧૬, શનિવારના રોજ રક્તપિત્ત નિર્મૂલન દિનની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમદાવાદના ગુજરાત સમાચારના કોલમ રાઈટર શ્રી ભવેનભાઈ કચ્છી પધારવાના છે. વધુ માહિતી માટે નીચેના નંબર પર સંપર્ક કરશો. ફો.નં.(૦૨૭૭૨) ૨૫૪૩૩૭ ●

**શું આપશ્રીએ લવાજમ મોકલ્યું છે...? નિયમિત પ્રકાશન માટે લવાજમ મોકલવું અત્યંત જરૂરી છે. આજીવન લવાજમ મોકલી આભારી કરશોજી. - તંત્રીશ્રી**

(૨૭) શ્રી ચંદ્રકાન્તભાઈ એચ. શાહ, રાજકોટ

## રેલ્વે કન્સેશન માટેના યુનિક આઈડી કાર્ડ મેળવવા માટેના અરજી ફોર્મ ભરવા અંગે

વિકલાંગ વ્યક્તિઓને રેલ્વેમાં મુસાફરી માટે યુનિક આઈડી કાર્ડ મેળવવું જરૂરી છે. આ યુનિક આઈડી કાર્ડ મેળવવા માટેના ફોર્મ ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર, બાજીપુરા પાટીયે, વિજાપુર હાઈવે, મું. કુવાસણા, તા. વિસનગર ખાતે ભરવામાં આવે છે. આ કાર્ડ મેળવવા માટે નીચેના ડોક્યુમેન્ટ સામેલ કરવાં. ૧. વર્ષ ૨૦૦૬ પછીનું અપંગતાનું પ્રમાણપત્રની નકલ ૨. રેલવે કન્સેશન પ્રમાણપત્રની નકલ ૩. આધાર કાર્ડની નકલ ૪. ચુંટણી કાર્ડની નકલ ૫. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા જન્મનું પ્રમાણપત્રની નકલ ૬. બે પાસપોર્ટ સાઈઝના ફોટા લઈ રૂબરૂ સંસ્થામાં આવી ફોર્મ ભરી જવા એક યાદીમાં અશોકભાઈ પટેલે જણાવ્યું છે. વધુ માહિતી માટે ફોન નંબર (૦૨૭૬૫) ૨૮૧૨૧૦ સંપર્ક કરશો. ●

## જિલ્લા પેરાલીમ્પીક કમીટી દ્વારા વિકલાંગોનો જિલ્લા રમતોત્સવ યોજાઈ ગયો

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ, વિસનગર તથા પેરાલીમ્પીક કમિટિ ઑફ મહેસાણાના સંયુક્ત ઉપક્રમે અસ્થિવિષયક વિકલાંગોનો જિલ્લા રમતોત્સવ યોજાઈ ગયો. આ રમતોત્સવમાં જિલ્લામાંથી ૫૮ ખેલાડીઓ હાજર રહી ૧૦૦ મીટર દોડ, લાંબો કૂદકો, ઊંચો કૂદકો, ગોળા ફેંક, ચક્ર ફેંક, બરછી ફેંક જેવી રમતોમાં પોતાનું કૌશલ્ય બાતાવ્યું હતું. જેમાંથી પસંદગી પામનાર ખેલાડીઓ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જશે. આ રમતોત્સવના નિર્ણાયકો તરીકે વ્યાયામ શિક્ષકો ભગુભાઈ ચૌધરી અને રમેશભાઈ ચૌધરીએ નિભાવી હતી.આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ પ્રજ્ઞાબેન પટેલ, સીનીયર સીટીઝન કાઉન્સીલના પ્રમુખ ડૉ. જે. એન. ઝવેરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ રમતોત્સવને સફળ બનાવવા માટે રાજેન્દ્ર પ્રજાપતિ, નીતાબેન પટેલ, વીણાબેન ચૌધરીએ ભારે જહેમત ઉઠાવી હતી. આ રમતોત્સવમાં ભોજનદાતા પ્રજાપતિ દિનેશભાઈ અંબાલાલ અને અલ્પાહાર દાતા યોગેશભાઈ પટેલ તરફથી આપવામાં આવ્યો હતો.એમ એક યાદીમાં અશોકભાઈ પટેલે જણાવ્યું હતું. ●

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL